

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 187
Dt.: 20-03-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### નિફ્ટીમાં ૭૫૦ પોઈન્ટથી વધુનો કડાકો

# ભારતીય શેર બજારમાં હાહાકાર, સેન્સેક્સમાં ૨૫૦૦ પોઈન્ટનો કડાકો

## HDFC Bank, Reliance, ICICI Bank અને લાર્સન (Larsen) જેવી અગ્રણી કંપનીઓના ભાવમાં આજે ઘટાડો જોવા મળ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ
મધ્ય-પૂર્વમાં યુદ્ધની અસર પરી શેરબજાર પર જોવા મળી છે. આજે સપ્તાહના ચોથા દિવસે એટલે કે, ગુરુવારે શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું છે.

બેંચમાર્ક સૂચકાંક ત્રણ ટકા ગગડી ગયું છે, તો BSE સેન્સેક્સમાં પણ ૩.૨૬ ટકાનો ધરખમ ઘટાડો થયો છે. એટલું જ નહીં. નિફ્ટી ૫૦, નિફ્ટી આઈટી અને નિફ્ટી ઓટોના શેરો સહિત તમામ માર્કેટ પછડાયા છે.

સેક્સેક્સ ગઈકાલે ૭૪,૭૫૦.૯૨ પોઈન્ટ પર બંધ થયા બાદ આજે ૭૪,૭૫૦.૯૨ પોઈન્ટ પર ખુલ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન સૌથી ઊંચા મથાળે ૭૫,૩૫૪.૧૮ પોઈન્ટ પર સ્પર્શ્યા બાદ નીચેમાં ૭૩,૯૫૦.૯૫ પોઈન્ટ પર પહોંચ્યું હતું, છેવટે દિવસના અંતે ૩.૨૬ ટકાના ઘટાડા સાથે ૭૪,૨૦૭.૨૪ પોઈન્ટ પર બંધ થયું હતું. એટલે કે આજે સેન્સેક્સમાં ૨,૪૯૬.૮૯ પોઈન્ટનો ઘટાડો થયો છે.

નિફ્ટી ૫૦ની વાત કરીએ તો આજે તેમાં ૩.૨૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગઈકાલે ૨૩,૭૭૭.૮૦ પોઈન્ટ પર બંધ થયા બાદ આજે ૨૩,૧૯૭.૭૫ પોઈન્ટ પર ખુલ્યું હતું. આજે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટી ૫૦ ઊંચા મથાળે ૨૩,૩૭૮.૭૦ પોઈન્ટ પર સ્પર્શ્યું હતું અને નીચામાં ૨૨,૯૩૦.૩૫ પોઈન્ટ પર પહોંચ્યું હતું. છેવટે દિવસના અંતેર નિફ્ટી ૫૦ ૨૩,૦૦૨.૧૫ પર બંધ થયું છે. એટલે કે આજે નિફ્ટી ૫૦માં ૭૭૫.૬૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

નિફ્ટી બેંક આજે ૩.૩૯ ટકા એટલે કે ૧,૮૭૫.૦૫ના મોટા ઘટાડા સાથે ૫૩,૪૫૧ પોઈન્ટ પર બંધ છે. નિફ્ટી બેંક ગઈકાલે ૫૫,૩૨૬.૦૫ પોઈન્ટ પર બંધ થયા બાદ આજે ૫૩,૪૭૪.૫૫ ખુલ્યું હતું. દિવસ દરમિયાન ઊંચામાં ૫૪,૧૫૦.૩૦ પોઈન્ટ અને નીચામાં ૫૩,૨૪૦.૬૦ પોઈન્ટ નોંધાયું હતું. એટલે કે તેમાં ૧૮૭૫.૦૫ પોઈન્ટનો મોટો કડાકો નોંધાયો છે. આ ઉપરાંત નિફ્ટી





આઈટીમાં ૩.૩૧ ટકા એટલે કે ૯૭૯.૭૦ પોઈન્ટનો કડાકો નોંધાયો છે અને આજે તે ૨૮,૫૭૯.૬૦ પોઈન્ટ પર બંધ થયું છે. જ્યારે નિફ્ટી ઓટોમાં ૪.૨૫ ટકા એટલે કે ૧,૦૮૮.૯૫ પોઈન્ટનો કડાકો નોંધાયો છે અને તે ૨૪,૫૦૯.૯૦ પોઈન્ટ પર બંધ થયું છે.

શેરબજારના સૌથી સક્રિય શેરો (Most Active Stocks)ની વાત કરીએ તો, HDFC Bank, Reliance, ICICI Bank અને લાર્સન (Larsen) જેવી અગ્રણી કંપનીઓના ભાવમાં આજે ઘટાડો જોવા મળ્યો હતો.

એચ.ડી.એફ.સી. બેંકમાં સૌથી વધુ ૫.૩૨ ટકાનો ઘટાડો થયા બાદ ભાવ ૭૯૮.૨૦ રૂપિયા પર પહોંચ્યો છે. રિલાયન્સ ૧.૬૫ ટકાના ઘટાડા સાથે ૧,૩૮૪.૮૦ રૂપિયા પર, લાર્સનમાં ૪.૮૧ ટકાના ઘટાડા સાથે ભાવ ૩,૪૩૪.૫૦ રૂપિયા પર પહોંચ્યો છે.

આ ઉપરાંત ICICI Bankમાં ૩.૦૪ ટકાના ઘટાડ સાથે શેરનો ભાવ ૧,૨૫૦.૧૦ પર પહોંચ્યો છે. આજે બજારમાં તમામ ક્ષેત્રીય સૂચકાંકોમાં ઘટાડો જોવા મળ્યો. રિયલ્ટી, ખાનગી બેંકો, ઓટો, નાણાકીય સેવાઓ, PSU બેંકો, સેવાઓ, સંરક્ષણ અને ધાતુઓ સહિત તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં હતા. લાર્જ-કેપ્સની સાથે, મિડ-કેપ્સ અને સ્મોલ-કેપ્સમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે ગુરુવારે સોના અને ચાંદીના ભાવ ઘટ્યા. ચાંદીના ભાવ રૂ.૧૪,૨૩૦ ઘટીને રૂ.૨.૩૩ લાખ પ્રતિ કિલો થયા, જ્યારે સોનાના ભાવ રૂ.૫,૩૩૦ ઘટીને રૂ.૧.૪૮ લાખ પ્રતિ ૧૦ ગ્રામ થયા. આ દરમિયાન, યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજ દર સ્થિર રાખ્યા છે.

ફેડના અધ્યક્ષ જેરોમ પોવેલે તેમની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ઘણી વખત "અનિશ્ચિતતા" શબ્દનો ઉલ્લેખ કર્યો હતો, અને સૂચવ્યું હતું કે ટેરિફ અને ઊર્જા કટોકટી ફુગાવાના દબાણમાં વધારો કરી શકે છે. તેમનું વલણ પ્રમાણમાં કટ્ટરપંથી માનવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધની અસર મધ્ય-પૂર્વના દેશોમાં પહોંચવાની સાથે વિશ્વના અનેક દેશો સુધી પહોંચી ગઈ છે. આ યુદ્ધા કારણે વૈશ્વિક માર્કેટની ચિંતામાં વધારો થયો છે.

### CBIના સકંજામાં અનિલ અંબાણી

## SBI લોન ફ્રોડ કેસમાં અનિલ અંબાણીની બે દિવસ થશે પૂછપરછ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી ગુરુવારે દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) સમક્ષ હાજર થયા હતા. હવે બંધ થઈ ગયેલી કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM) અંગેના કથિત બેંક ફ્રોડ કેસમાં તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૬૬ વર્ષીય અનિલ અંબાણી ગુરુવારે સવારે CBIના હેડક્વાર્ટરમાં પહોંચ્યા હતા.



અધિકારીઓના જણાવ્યા મુજબ, ૧૯ અને ૨૦ માર્ચ એમ સતત બે દિવસ સુધી તેમની પૂછપરછ કરવામાં આવશે.

SBI અને અન્ય બેંકોના કન્સોર્ટિયમ દ્વારા રિલાયન્સ કોમ્યુનિકેશન્સને આપવામાં આવેલી લોનના ભંડોળનો કથિત દુરુપયોગ અને ડાયવર્ઝન આ તપાસના કેન્દ્રમાં છે. CBI તપાસ કરી રહી છે કે, જે ફંડ બિઝનેસ ઓપરેશન્સ માટે આપવામાં આવ્યું હતું, તેનો ઉપયોગ અન્યત્ર કરવામાં આવ્યો છે કે કેમ? રિલાયન્સ કોમ્યુનિકેશન્સે મોટી લોન ડિફોલ્ટ કર્યા બાદ SBIએ નાણાકીય અનિયમિતતાઓ અંગે ફરિયાદ નોંધાવી હતી. તપાસ એજન્સી કંપનીના આંતરિક એપ્રુવલ્સ, નાણાકીય વ્યવહારો અને ફંડ્સના અંતિમ ઉપયોગની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

અનિલ અંબાણીના પ્રવક્તાએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, "અનિલ અંબાણી ૧૯ અને ૨૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ CBI સમક્ષ હાજર રહેશે. તેઓ તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપવા માટે પ્રતિબદ્ધ છે."

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ અનિલ અંબાણીના મોટા પુત્ર જય અનમોલ અંબાણીની પણ અન્ય એક બેંક ફ્રોડ કેસમાં CBI દ્વારા ૬ કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગયા મહિને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે મુંબઈમાં અનિલ અંબાણીનું ૧૭ માળનું લક્ઝરી એપાર્ટમેન્ટ પણ જપ્ત કર્યું હતું. રિલાયન્સ કોમ્યુનિકેશન્સ એક સમયે ટેલિકોમ ક્ષેત્રની દિગ્ગજ કંપની હતી, પરંતુ સતત વધતા દેવાને કારણે તે નાદાર જાહેર થઈ હતી, જેના કારણે બેંકોને હજારો કરોડનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

### ફાયદાની જગ્યાએ નુકસાન

## ટ્રમ્પના ટેરિફથી અમેરિકામાં ઉત્પાદન ક્ષેત્રે ૧ લાખ લોકો બેરોજગાર બન્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન
અમેરિકન પ્રમુખ ટ્રમ્પે આખા વિશ્વના દેશો પર તેમ કહીને ટેરિફ નાખ્યો હતો કે તેનાથી અમેરિકાને ફાયદો થશે, અમેરિકન ઉત્પાદકોને ફાયદો થશે, પણ વાસ્તવમાં તેનો ટેરિફનો દાવ અવળો પડયો છે. તેની ટેરિફ પોલિસીના લીધે અમેરિકન ઉત્પાદકો જ મુશ્કેલીમાં મૂકાયા છે. ટ્રમ્પના શાસનના વર્ષના સમયગાળામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં લગભગ એક લાખ નોકરીઓ ખતમ થઈ ગઈ છે.ટ્રમ્પને સમર્થન આપનારા કેટલાય નાના અને મધ્યમ ઉદ્યોગપતિઓએ આજે રાતા પાણીએ રોવાનો વખત આવ્યો છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ટ્રમ્પને સમર્થન આપનાર અક સ્થાનિક ઉદ્યોગપતિ એલન એન્જિનિયરિંગ કોર્પ કરીને કંપની ચલાવે છે. ટ્રમ્પની ટેરિફની નીતિઓના લીધે તેના એન્જિન, સ્ટીલ અને ગીયરબોક્સના તથા ક્લચના ભાવ વધી ગયા છે. આના કારણે તે ઉદ્યોગપતિએ ગ્રાહક છૂટી જવાના ડર વચ્ચે પણ ઉત્પાદનોના ભાવમાં વધારો કરવાની ફરજ પડી છે. તેણે ખર્ચ ઘટાડવા માટે ફેક્ટરીમાં કર્મચારીઓની સંખ્યા ૨૦૫થી ઘટાડી ૧૪૦ કરી દીધી છે. તેણે જણાવ્યું હતું કે જો ટ્રમ્પની નીતિઓ ચાલુ રહી તો તેણે ક્યાંક ફેક્ટરી બંધ કરવાનો સમય ન આવે.

આમ ટ્રમ્પ એકબાજુએ દાવો કરે છે કે તેની નીતિઓના કારણે અમેરિકન મેન્યુફેક્ચરિંગ જોબ્સમાં વધારો થશે, પરંતુ વાસ્તવમાં ટ્રમ્પના શાસનના પહેલા વર્ષમાં લગભગ ૯૮ હજારથી વધુ એટલે કે લગભગ એક લાખ મેન્યુફેક્ચરિંગ જોબ્સનો લોસ થયો છે.

હાલમાં પણ જે કારોબાર ચાલી રહ્યા છે તે પણ બાઈડેનની પોલિસીઓના કારણે ચાલી રહ્યા છે. બાકી ટ્રમ્પ તો અમેરિકન અર્થતંત્રનું નિકંદન કાઢવા બેઠો હોવાની સ્થાનિક લોકોની માન્યતા વધુને વધુ પ્રબળ બની રહી છે. અમેરિકાના ૯૮ ટકા ઉત્પાદન એકમો ૨૦૦થી પણ ઓછા કામદારો ધરાવતા હોવાનું સેન્સસ બ્યૂરો ઓફ ડેટા જણાવે છે.

### વૈશ્વિક ઊર્જા સંકટના ભણકારા!

## ઈઝરાયલે ઈરાનના સૌથી મોટા ગેસ ફિલ્ડ પર હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન
મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે બુધવારે એક અત્યંત ખતરનાક વળાંક આવ્યો છે. ઈરાનના સૌથી મોટા અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા પાર્સ ગેસ ફિલ્ડ પર ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. આ પ્રથમ ઘટના છે જ્યારે ખાડી વિસ્તારમાં ઈરાનના ઊર્જા માળખાને સીધું નિશાન બનાવવામાં આવ્યું હોય. આ ઘટનાને અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલી રહેલા તણાવમાં એક મોટા 'એસ્કેલેશન' (સ્થિતિ વધુ તંગ થવી) તરીકે જોવામાં આવી રહી છે.પાર્સ ગેસ ફિલ્ડ દુનિયાના સૌથી મોટા કુદરતી ગેસ ભંડારનો હિસ્સો છે, જે ઈરાન અને કતાર સંયુક્ત રીતે ચલાવતા હતા. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, આ હુમલામાં ગેસ ટેન્કો અને



રિફાઈનરીના અમુક હિસ્સાને ભારે નુકસાન પહોંચ્યું છે. હુમલા બાદ તરત જ ત્યાં કામ કરી રહેલા કર્મચારીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવા માટે ઈમરજન્સી ટીમો તૈનાત કરવામાં આવી છે.આ હુમલા અંગે ઈઝરાયલી મીડિયામાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ કાર્યવાહી અમેરિકાની સહમતિથી ઈઝરાયલ દ્વારા કરવામાં આવી છે. પરંતુ ઈઝરાયલી સેનાએ આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. બીજી તરફ, કતારે આ હુમલાની સખત નિંદા કરતા તેને ઈઝરાયલનું કૃત્ય ગણાવ્યું છે. કતારે આ પગલાને 'ખતરનાક અને બેજવાબદાર' ગણાવતા ચેતવણી આપી છે કે, આનાથી વૈશ્વિક ઊર્જા સુરક્ષા સામે મોટું જોખમ ઊભું થશે.

## પશ્ચિમ બંગાળમાં BJPએ જાહેર કરી ઉમેદવારોની બીજી યાદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ ભારતીય જનતા પાર્ટી (BJP) એ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૧૧૧ ઉમેદવારોના નામનો સમાવેશ થાય છે. રૂપા ગાંગુલી પણ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે બીજી યાદીમાં ૧૧૧ ઉમેદવારોના નામનો સમાવેશ કર્યો છે. ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ રૂપા ગાંગુલી સોનાપુર દક્ષિણથી ચૂંટણી લડશે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૧૧૧ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ બિશુનપુર વિધાનસભા બેઠક માટે પોતાના ઉમેદવાર બદલ્યા છે. આ સિવાય જોયપુરથી એક એવા ઉમેદવારનું નામ પણ ભાજપે પોતાની યાદીમાં જાહેર કર્યું છે જેને ભાજપ સમર્થન કરી રહ્યું છે.

ભૂતપૂર્વ સાંસદ અર્જુન સિંહ ભાજપની ટિકિટ પર નોઆપારા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. વધુમાં, પહેલી યાદીમાંથી એક નામ બદલાયું છે. બિશ્વજીત ખાનને બિષ્ણુપુર (SC) બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. અગાઉ, પાર્ટીએ અગ્નિશ્વર નાસ્કરને ટિકિટ આપી હતી. ભાજપે જોયપુર બેઠક પર બિશ્વજીત મહતોને ટેકો આપવાની જાહેરાત કરી છે. તેઓ ભાજપ સમર્થિત ઉમેદવાર હશે.

### 'ન્યૂક્લિયર નીતિ નહીં બદલાય'

## ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા નિયમોની તરફેણ કરી

### અમેરિકા આ માર્ગને સુરક્ષિત કરવા માટે નાટો દેશોનું ગઠબંધન ઈચ્છતું હતું, પરંતુ ફ્રાન્સ સહિતના દેશોએ યુદ્ધવિરામ વગર જોડાવાનો ઈનકાર કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન
મિડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ દેશની પરમાણુ નીતિ અને વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા હોર્મુઝ સ્ટ્રેટ અંગે મોટું નિવેદનો આપ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, 'ઈરાનની ન્યૂક્લિયર હથિયાર ન વિકસાવવાની મૂળભૂત નીતિમાં હાલ કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ યુદ્ધ પછી હોર્મુઝ સ્ટ્રેટની સ્થિતિ પહેલા જેવી રહેશે નહીં.'ઈરાનના વિદેશ મંત્રીએ જણાવ્યું કે, 'પરમાણુ કાર્યક્રમ માત્ર વીજળી ઉત્પાદન અને શાંતિપૂર્ણ હેતુઓ માટે જ છે.' નોંધનીય છે કે, વર્ષ ૨૦૦૦માં પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામેનેઈએ પરમાણુ હથિયારો વિરુદ્ધ ફતવો જાહેર કર્યો હતો. જોકે, અરાઘચીએ ઉમેર્યું કે, 'ફતવો તે ધાર્મિક નેતા પર નિર્ભર કરે છે જે તેને જાહેર કરે છે.' નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈએ હજુ આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી, જેના કારણે ભવિષ્યની વ્યૂહનીતિ અંગે અટકળો તેજ થઈ છે. બીજી તરફ અમેરિકા અને ઈઝરાયલ સતત ઈરાન પર ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો આરોપ લગાવી રહ્યા છે.ગલ્ફ દેશોમાં રહેણાંક વિસ્તારો પર થયેલા હુમલા અંગે પૂછવામાં આવતા અરાઘચીએ બચાવ કરતા કહ્યું કે, યુએસ દળોએ જાણીજોઈને શહેરી વિસ્તારોની નજીક આશરો લીધો છે. તેમણે સ્વીકાર્યું કે આનાથી સ્થાનિક લોકોમાં રોષ છે, પરંતુ તેમણે આ તમામ પરિસ્થિતિ માટે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ કરનાર અમેરિકાને જવાબદાર ઠેરવ્યું હતું.અરાઘચીએ અંતમાં ઉમેર્યું કે યુદ્ધ ત્યારે જ સમાપ્ત થશે જ્યારે સમગ્ર ક્ષેત્રમાં કાયમી શાંતિ સ્થપાશે અને ઈરાનને થયેલા નુકસાનનું યોગ્ય વળતર મળશે.વિશ્વના કુલ ઓઈલ અને ગેસ પુરવઠાનો ૨૦ ટકા ભાગ જ્યાંથી પસાર થાય છે તે હોર્મુઝ સ્ટ્રેટ અત્યારે સંઘર્ષનું કેન્દ્ર બન્યું છે. ઈરાને આ માર્ગ બંધ કરવાની અને અમેરિકા કે તેના સાથી દેશોના જહાજોને પસાર થતા રોકવાની ચેતવણી આપી છે. અરાઘચીએ સૂચન કર્યું કે યુદ્ધ બાદ તમામ ગલ્ફ દેશોએ મળીને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા નિયમો બનાવવા જોઈએ. અમેરિકા આ માર્ગને સુરક્ષિત કરવા માટે નાટો દેશોનું ગઠબંધન ઈચ્છતું હતું, પરંતુ ફ્રાન્સ સહિતના દેશોએ યુદ્ધવિરામ વગર જોડાવાનો ઈનકાર કર્યો છે. ઈરાની સંસદના સ્પીકરે પણ ભાર પૂર્વક કહ્યું છે કે આ યુદ્ધ પછી હોર્મુઝ સ્ટ્રેટની ભૌગોલિક અને રાજકીય સ્થિતિ બદલાઈ જશે.




# તંત્રી લેખ......

## વિધાનસભા ચૂંટણી પહેલા મોટા પાયે બદલીઓ, સંસદીય ચર્ચા

વિધાનસભા ચૂંટણીઓ સાથે રાજ્યોમાં પોલીસ અને વહીવટી અધિકારીઓને તેમના વર્તમાન હોદ્દા પરથી બદલીઓ અથવા દૂર કરવાનો ચૂંટણી પંચનો નિર્ણય સરકારો અને અમલદારશાહી વચ્ચેની મિલીભગતની હદ દર્શાવે છે. ભાજપ શાસિત આસામમાં પણ અધિકારીઓને દૂર કરવામાં આવ્યા હોવાથી, ચૂંટણી પંચ એકપક્ષીય રીતે કાર્ય કરી રહ્યું છે તેવા આરોપ માટે કોઈ જગ્યા નથી, પરંતુ આવા આરોપો સપાટી પર આવવા જ જોઈએ. તાજેતરમાં, તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ બંગાળમાં અધિકારીઓની મોટા પાયે બદલીઓ પર સંસદમાં પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

આ બિનજરૂરી હતું, કારણ કે આ બદલીઓનો ભારત સરકાર સાથે કોઈ સંબંધ નથી. જોકે, વિપક્ષ ચૂંટણી પંચ પર પક્ષપાતનો આરોપ લગાવવા માટે ટેવાયેલા છે. ખરેખર, આ વલણને કારણે તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની પહેલ કરી છે.

આ સંકુચિત રાજકીય રીતે પ્રેરિત પહેલ એ હકીકતને બદલશે નહીં કે બંગાળ એક અગ્રણી રાજ્ય છે જ્યાં ઘણા પોલીસ અને વહીવટી અધિકારીઓ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો તરીકે કામ કરતા જોવા મળ્યા છે. આના અસંખ્ય ઉદાહરણો પહેલાથી જ બહાર આવ્યા છે. ખરેખર, આ જ કારણ છે કે ચૂંટણી પંચે મુખ્ય સચિવ, ગૃહ સચિવ અને ડીજીપી, તેમજ ડઝનબંધ પોલીસ અને વહીવટી અધિકારીઓને દૂર કરવા પડ્યા છે.

લોકસભાની ચૂંટણી દરમિયાન, બંગાળમાં ઘણા અધિકારીઓને દૂર કરવામાં આવ્યા હતા, જેમાં બંગાળના તત્કાલીન ડીજીપીનો પણ સમાવેશ થાય છે. ચૂંટણીઓ પછી, મમતા બેનર્જીએ તેમને ફરીથી પોલીસ વડા તરીકે નિયુક્ત કર્યા. તાજેતરમાં, તેમણે તેમને રાજ્યસભામાં પણ મોકલ્યા. આવા કિસ્સાઓ નવા નથી. ક્યારેક, અમલદારો શાસક પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માટે રાજીનામું આપે છે અથવા વીઆરએસ લે છે. આવી ઘટનાઓ દર્શાવે છે કે અમલદારશાહીનું રાજકીયકરણ કેટલી હદે થઈ ગયું છે. કોઈ એક પક્ષ કે સરકારને અમલદારશાહીના રાજકીયકરણ માટે જવાબદાર ઠેરવી શકાય નહીં, પરંતુ એ વાત ચોક્કસ છે કે કેટલાક રાજ્યોમાં તે અતિશય બની ગયું છે.

## જીસીસીઆઈ અને પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ દ્વારા ઓપન હાઉસ સત્રનું આયોજન: ઉદ્યોગ, વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના હિતધારકોએ સક્રિય ભાગ લીધો



ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) દ્વારા પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ સાથે એક મહત્વપૂર્ણ ઓપન હાઉસ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ઉદ્યોગ, વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના અગ્રણીઓ તથા હિતધારકોએ સક્રિય ભાગ લીધો હતો અને માલ પરિવહન, મુસાફર કનેક્ટિવિટી તથા લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ અને મુખ્ય વક્તા તરીકે પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે GCCI ની આ પહેલની પ્રશંસા કરી હતી. તેમણે રેલવેની નીતિઓ, માલ પરિવહન યોજનાઓ તથા અવસંરચના વિકાસ અંગેની નવીનતમ માહિતી રજૂ કરી હતી.

તેમણે પોતાના પ્રેઝન્ટેશન દરમિયાન જણાવ્યું હતું કે ભારતીય રેલવેને વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે કેવી રીતે વિકસાવવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં રેલવેના બજેટમાં નોંધપાત્ર વધારો થયો છે તેમજ વંદે ભારત એક્સપ્રેસ અને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવી યોજનાઓ રાજ્યના વિકાસમાં નવા માપદંડ સ્થાપિત કરી રહી છે.

કાર્યક્રમને સંબોધતા GCCI ના અધ્યક્ષ શ્રી સંદીપ એન્જિનિયરે ભારતને ૫ ટ્રિલિયન અમેરિકન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવામાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઔદ્યોગિક વિકાસ અને સ્પર્ધાત્મકતા વધારવા માટે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે GCCI ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રાજેશ ગાંધી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અપુર્વ શાહ તથા ટ્રેઝરર શ્રી ગૌરાંગ ભગત પણ હાજર રહ્યા હતા.

GCCI લોજિસ્ટિક્સ ટાસ્કફોર્સના ચેરમેન શ્રી હિતેન વસંતે લોજિસ્ટિક્સ સ્પર્ધાત્મકતા મજબૂત કરવામાં રેલવેની ભૂમિકા પર પ્રકાશ પાડતાં વેગન ઉપલબ્ધતા, અવસંરચના વિકાસ તથા ડિજિટલ ઈન્ટિગ્રેશન જેવા ક્ષેત્રોમાં વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

સત્રમાં રેલવે અધિકારીઓની ઉપસ્થિતિ સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અન્નૂ ત્યાગી, સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર ડૉ. ઝેનિયા ગુપ્તા તથા સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર (કો-ઓર્ડિનેશન) જગદંબા પ્રસાદ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઓપન ફોરમ દરમિયાન માલ પરિવહન, પોર્ટ કનેક્ટિવિટી તથા મુસાફર સેવાઓ સંબંધિત મુદ્દાઓ પર સક્રિય ચર્ચા કરવામાં આવી હતી, જેના પરિણામે ઉદ્યોગ અને રેલવે વચ્ચે સહયોગ વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

વધતા નિકાસ અને લોજિસ્ટિક્સની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને સમયબદ્ધ અને વિશ્વસનીય રેલ કનેક્ટિવિટી અત્યંત જરૂરી હોવાનું જણાવાયું હતું, જેને GCCI અને રેલવે વચ્ચે સતત સંવાદ અને સમન્વય દ્વારા વધુ મજબૂત બનાવી શકાય છે.

મંડળ રેલ પ્રબંધકે વેપારીઓ અને ઉદ્યોગકારો તરફથી પ્રાપ્ત સૂચનો અને રજૂઆતોને ગંભીરતાથી લેતા સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી અને ખાતરી આપી હતી કે તમામ વાજબી મુદ્દાઓનો ત્વરિત ઉકેલ લાવવામાં આવશે.

## પાપી પેટ કા સવાલ હે



આપણાંમાં કહેવાય છે કે ''ઉંઘ ના જુએ ઓટલો ને ભૂખના જુએ સૂકો રોટલો'' એવું જ કંઈક ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થઈ રહ્યું છે. જાહેર માર્ગની એક બંધ દુકાનના ઓટલે ફૂટપાથ પર પાથરેલી પથારીમાં બેસી કોઈ દયાળુ એ હોટલમાંથી અપાવેલું ભોજન અને પાણીની બોટલ સાથે પોતાની ભૂખ ભાંગતો એક મજૂર આખા દિવસ દરમ્યાન મજૂરી કરી શાંતિપૂર્વક જમીન ઉપર આભ અને નીચે ધરતીની ગોદમાં જ્યારે સુખની નિંદર માણશે ત્યારે સૌથી વધુ ઈર્ષા મને કે તમને નહીં થાય પરંતુ લાખો, કરોડો રૂપિયાના બંગલામાં રહીને એસી રૂમમાં સૂતા અને પડખા ફેરવી ઉંઘ લાવવા ઉંઘની ગોળીઓ કે ઈન્જેકશન લેનારાઓને જરૂર થતી હશે. આને કહેવાય કુદરતનો કરિશ્મા એક ફૂટપાથ પર આરામથી બિંદાસ ઊંઘી શકે છે. ત્યારે બીજો ઊંઘવા માટે ગોળીઓ લઈને કરોડોના બંગલામાં પણ શાંતિની શોધ કરી રહ્યો છે.

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

## ચીફ સિલેક્ટર અજિત અગરકરે પોતાનો કાર્યકાળ વધારવા માટે કરી માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. સિનિયર મેન્સ સિલેક્શન કમિટીના ચેરમેન અજિત અગરકરે BCCIને ૨૦૨૭ ODI વર્લ્ડ કપ સુધી તેમનો કાર્યકાળ લંબાવવા વિનંતી કરી છે. અગરકરે આ વિનંતી એવા સમયે કરી છે જ્યારે ભારતીય ટીમે તેમના માર્ગદર્શન હેઠળ સતત ત્રણ ICC ટાઈટલ ૨૦૨૪ T20 વર્લ્ડ કપ, ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૨૬ T20 વર્લ્ડ કપ જીત્યા છે. અજિત અગરકરનો કરાર ૨૦૨૫ IPL પહેલા એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. હવે ભારતે ઘરઆંગણે T20 વર્લ્ડ કપ જીત્યાના એક અઠવાડિયા પછી અગરકરે આગામી ૫૦ ઓવરના વર્લ્ડ કપ સુધી કમાન સંભાળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે BCCI પ્રમુખ મિથુન મનહાસ કે સચિવ દેવજીત સૈકિયા તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ આવ્યો નથી, એવું માનવામાં આવે છે કે બોર્ડ આ બાબત પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે.અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ભારતે તેની છેલ્લી ૩૩ સફેદ બોલની મેચોમાંથી ફક્ત તેને બે જ મેચોમાં હાર મળી છે અને ૨૦૨૩ અને ૨૦૨૫માં એશિયા કપ પણ જીત્યો છે.

## ભાવનગર મંડળમાંથી પસાર થતી ૫ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરાઓનો વિસ્તરણ

મુસાફરોની સુવિધા અને વધતી માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી સંચાલિત ૫ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરાઓને આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ ટ્રેનોની વિગત નીચે મુજબ છે:

૧. ટ્રેન નં. ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ–ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ, જેને ૨૭ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૨૦૮ ભાવનગર–બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ, જેને ૨૬ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

૨. ટ્રેન નં. ૦૯૨૧૧ ગાંધીગ્રામ–બોટાદ દૈનિક સ્પેશિયલ અને ૦૯૨૧૨ બોટાદ–ગાંધીગ્રામ દૈનિક સ્પેશિયલ બંને, જેને ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

૩. ટ્રેન નં. ૦૯૨૧૬ ભાવનગર–ગાંધીગ્રામ દૈનિક સ્પેશિયલ અને ૦૯૨૧૫ ગાંધીગ્રામ–ભાવનગર દૈનિક સ્પેશિયલ બંને, જેને ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

૪. ટ્રેન નં. ૦૯૫૨૯ ધોળા–ભાવનગર દૈનિક સ્પેશિયલ અને ૦૯૫૩૦ ભાવનગર–ધોળા દૈનિક સ્પેશિયલ બંને, જેને ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

૫. ટ્રેન નં. ૦૯૦૧૮ વેરાવળ–બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ, જેને ૩૦ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે તેમજ ટ્રેન નં. ૦૯૦૧૭ બાંદ્રા ટર્મિનસ–વેરાવળ સાપ્તાહિક સ્પેશિયલ, જેને ૨૯ માર્ચ ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૨૬ જુલાઈ ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

આરક્ષિત ટ્રેનો માટે ટિકિટ બુકિંગ ૨૦ માર્ચ ૨૦૨૬ (શુક્રવાર)થી યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. યાત્રિયો ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર તપાસ કરી શકે છે.

## એલપીજી સંકટ બાદ વધુ એક નવી મુશ્કેલી : દવાઓની અછત વર્તાશે ? માત્ર ૧૦ દિવસનો સ્ટોક બચ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધે માત્ર તેલ અને ગેસના સંકટ ને જ નહી પરંતુ દવાઓ જેવી અનિવાર્ય વસ્તુઓ પર પણ અસર કરવા માંડી છે. ગેસ સપ્લાય અસરગ્રસ્ત થવાથી ભારતમાં પેરાસિટામોલ, વિટામીન, હોર્મોન્સ અને અન્ય મહત્વની દવાઓના ઉત્પાદનમાં અડચણ આવી ગઈ છે. જો ગેસની સમસ્યા તાત્કાલીક ઉકેલાય નહી તો અનેક ફાર્મા કંપનીઓને આગામી ૧૦ દિવસમાં પોતાનુ ઉત્પાદન બંધ કરવુ પડી શકે છે.



ડ્રગ ટ્રેડર્સ એસોસીએશન ના જણાવ્યા અનુસાર કાચા માલની સપ્લાય બંધ થવા, શીપીંગ ખર્ચ વધવા અને પેકેજીંગની સમસ્યાને કારણે દવાઓના ભાવમાં ૧૦ થી ૨૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. યુદ્ધને કારણે તાવ, ડાયાબીટીસ, ચેપ અને શ્વાસની સમસ્યામાં વપરાતી દવાઓની કિલ્લત થવાની શકયતા છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ને બંધ કરી દીધુ છે. જેના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન તુટી ગઈ છે, ગેસના આયાત નિકાસ પર અસર પડી છે, આ ગેસ સંકટ હવે દવાઓના ઉત્પાદનને પણ અસર કરી રહ્યુ છે. દવાઓના ઉત્પાદનમાં પ્રોપેન ગેસનો ઉપયોગ થાય છે. જે બોઈલરમાં ઈંધણ તરીકે કામ કરે છે. યુદ્ધને કારણે એલએનજી આયાત અટવાઈ ગઈ છે. ગુજરાત , તેલંગાણા અને આંધ્રપ્રદેશ ની અનેક કંપનીઓ પાસે હાલમાં માત્ર ૧૦ દિવસનો સ્ટોક બચ્યો છે. જો સંકટ લાંબુ ચાલ્યુ તો મુશ્કેલી વધુ વધી જશે. ગેસની અછતને કારણે પેરાસિટામોલ , મેટફોર્મિન, મેટ્રોનિડાઝોલ, ડાયકલોફેનેક, ફોલીક એસિડ અને વિટામીન-સી જેવી મહત્વની દવાઓનુ ઉત્પાદન અટકી ગયુ છે. ફાર્માએકિસલના પૂર્વ અધ્યક્ષ દિનેશ દુઆ ના જણાવ્યા અનુસાર ૨૦૦ થી વધુ દવા ઉત્પાદકો પાસે હવે સ્ટોક બચ્યો નથી અને તેઓ આગામી ૮ થી ૧૦ દિવસમાં પોતાનુ ઉત્પાદન બંધ કરી શકે છે. ભારત વૈશ્વિક ફાર્મા સપ્લાય ચેઈનનુ મોટુ કેન્દ્ર છે. અને જેનેરીક દવાઓમાં ભારતનો હિસ્સો ૨૦ ટકા છે. અમેરીકા પણ ભારત પર સૌથી વધુ આધારીત છે. પરંતુ આ સેકટર આયાત પર આધારીત છે. ઈરાન-ઈઝરાયેલ અને અમેરીકા યુદ્ધને કારણે કાચા માલની અછત સર્જાઈ છે. જેના કારણે ફાર્મા સેકટર મુશ્કેલીમાં મુકાઈ ગયો છે.

ગેસની સંકટની અસર દવાઓ ઉપરાંત ડેરી સેકટર પર પણ પડી રહી છે. પેકેજીંગની સમસ્યાઓ વધી ગઈ છે.

મહારાષ્ટ્રના ડેરી માલીકોનુ કહેવુ છે કે જો ગેસ સંકટ જલ્દી નહી ઉકેલાય તો તેઓએ પણ ઉત્પાદન રોકવુ પડી શકે છે. મીડલ ઈસ્ટના યુદ્ધે ઉર્જા સંકટની સાથે હવે દવા અને ડેરી સેકટરને પણ મુશ્કેલીમાં મુકી દીધા છે. સરકાર અને ઉદ્યોગ સંગઠનો આ સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જો સંકટ લાંબુ ચાલ્યુ તો સામાન્ય નાગરીકોને દવાઓ અને અન્ય જરૂરી વસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળી શકે છે.

''ઓપરેશન ડિગ્નિટી''

## અમદાવાદ રેલવે સ્ટેશન પરથી ૩૦ નિરાધાર શહેરી બેઘર લોકોનું રેસ્ક્યુ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોની સુરક્ષા, સ્વચ્છતા તથા માનવીય સંવેદનાઓને ધ્યાનમાં રાખીને ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન પરિસરમાં ''ઓપરેશન ડિગ્નિટી'' અંતર્ગત વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું. આ અભિયાનનું સંચાલન રેલવે સુરક્ષા દળ (આરપી એફ)ના સ્ટાફ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત શહેરી બેઘર આશ્રય (Shelter for Urban Homeless)ના કર્મચારીઓના સંયુક્ત સહકારથી ચલાવવામાં આવ્યું. અભિયાન દરમિયાન સ્ટેશન પરિસરમાંથી કુલ ૩૦ નિરાધાર શહેરી બેઘર લોકોને ઓળખી સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યા .



તમામ વ્યક્તિઓને જરૂરી સમન્વય સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી બેઘર આશ્રય સ્થળ (SUH)માં રહેવા અને સંભાળ માટે સ્થાનાંતરિત કરવામાં આવ્યા. આ પહેલ રેલવે પરિસરમાં વ્યવસ્થા જાળવવા સાથે સમાજના નબળા વર્ગ પ્રત્યે સંવેદનશીલતા અને જવાબદારી દર્શાવે છે. પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ ભવિષ્યમાં પણ આવા માનવીય અને જનહિતકારી અભિયાનો સતત ચાલુ રાખશે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૧૯/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૫૭૭ | ૪૨૯.00 | ૭૧૩.00 |
| ૨ | મગફળી | ૦ | ૯૫૦.00 | ૧,૪૫૦.00 |
| ૩ | એરંડા | ૭૫ | ૧,૨૯૦.00 | ૧,૨૯૫.00 |
| ૪ | રાયડો | ૨૦ | ૧,૧૪૦.00 | ૧,૧૬૦.00 |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.00 | ૪૫૦.00 |
| ૬ | ચણા | ૦ | ૯૫૦.00 | ૧,૨૦૦.00 |
| ૭ | ચણા (કાબુલી ) | ૧૦૫ | ૧,૨૦૦.00 | ૧,૬૦૦.00 |
| ૮ | કપાસ | ૦ | ૧,૨૫૦.00 | ૧,૫૬૫.00 |
| ૯ | સોયાબીન | ૦ | ૯૫૦.00 | ૧,૦૧૦.00 |

## ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટે ખુશ ખબર: ચાલુ વર્ષથી અમલમાં આવશે નવો અભ્યાસક્રમ અને નવા પુસ્તકો: ધો.૧૦ અને ૧૧માં ચાલુ વરસે જુના પુસ્તકોથી જ થશે ભણતર: એનસીઈઆરટીની નવી એડવાઈઝરી

પ્રતિનિધિ,ગાંધીનગર

શિક્ષણ વ્યવસ્થાને આધુનિક બનાવવા અને વિદ્યાર્થીઓ પરનો બોજ ઘટાડવાની દિશામાં નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (એનસીઈઆરટી) એ એક મોટુ કદમ ઉઠાવ્યુ છે. નવી શિક્ષણનીતી હેઠળ હવે શાળાના પુસ્તકો અને ભણાવવાની પધ્ધતિમાં મોટા ફેરફારોની તૈયારી પૂર્ણ થઈ ગઈ છે.

તાજેતરમાં બહાર પાડવામાં આવેલી સત્તાવાર એડવાઈઝરી મુજબ ધોરણ ૧૦ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે નવો સિલેબસ આ વરસે નહી પરંતુ આવતા વર્ષથી લાગુ થશે, આનો સીધો અર્થ એ છે કે જે વિદ્યાર્થીઓ ચાલુ વરસે ધોરણ ૧૦ માં કે ૧૧ માં ધોરણમાં આવ્યા છે તેમણે હાલમાં તેમના જુના પુસ્તકો સાથે જ મિત્રતા જાળવી રાખવી પડશે, આ ફેરફાર ની મોટાભાગની વિગતો પ્રમાણે જોઈએ તો એનસીઈઆરટીએ સ્પષ્ટ કહ્યુ છે કે ધોરણ ૧૦ અને ૧૧ ના નવા પુસ્તકો શૈક્ષણિક સત્ર ૨૦૨૭-૨૮ થી શાળાઓમાં પહોચશે. સત્ર ૨૦૨૬-૨૭ એટલે કે ચાલુ વરસે વિદ્યાર્થીઓ જુની પધ્ધતિ મુજબ જ અભ્યાસ ચાલુ રાખશે,

એનસીઈઆરટી માને છે કે શિક્ષણમાં ફેરફાર રાતોરાત લાવી શકાતો નથી. કાઉન્સિલનુ કહેવુ છે કે નવો અભ્યાસક્રમ લાગુ કરતા પહેલા વિદ્યાર્થીઓના પાયાના શિક્ષણ ને મજબુત કરવુ ખુબ જ જરૂરી છે. જો વિદ્યાર્થીઓનો પાયો મજબુત હશે તો જ તેઓ નવી શિક્ષણનીતી હેઠળ તૈયાર કરાયેલ આધુનિક અને ગહન સિલેબસને સરળતાથી સમજી શકશે.

આ ફેરફારને સફળતાપૂર્વક જમીન પર ઉતારવા માટે એનસીઈઆરટીએ શિક્ષકો પાસે સહયોગની અપીલ કરી છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યુ છે કે શિક્ષકો એ સુનિશ્ચિત કરે કે વિદ્યાર્થીઓએ અગાઉના ધોરણોની જરૂરી બાબતો સારી રીતે શીખી લીધી છે, શિક્ષકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ નવા પુસ્તકો અડતા પહેલા વિદ્યાર્થીઓના પૂર્વ જરૂરી શિક્ષણ ને પૂર્ણ કરે, જેથી જયારે આવતા વરસે નવા પુસ્તકો આવે ત્યારે વિદ્યાર્થીઓ તેના માટે સંપૂર્ણ તૈયાર હોય,



જયાં ૧૦ માં અને ૧૧ માં ધોરણના વિદ્યાર્થીઓએ રાહ જોવી પડશે, ત્યાં ધોરણ ૯ માટે ફેરફારનુ ચક્ર ફરી ચુકયુ છે. ધોરણ ૯ માં નવા પુસ્તકો તૈયાર કરવામાં આવી રહ્યા છે અને તેને આજ સત્ર એટલે કે ૨૦૨૬-૨૭ થી જ લાગુ કરી દેવામાં આવશે. આ પહેલા ધોરણ ૧ થી ૮ નો નવો સિલેબસ પહેલેથી જ તૈયાર થઈ ગયો છે અને તેના પુસ્તકો પ્રિન્ટ અને ડીઝીટલ બંને માધ્યમોમાં ઉપલબ્ધ છે. એનસીઈઆરટીએ તેના ડ્રાફ્ટ સિલેબસને તેની વેબસાઈટ પર પણ મુકી દીધો છે. જેથી સામાન્ય જનતા અને શિક્ષકો તેમના સુચનો આપી શકે. ઘણી વાર મનમાં પ્રશ્ન થાય છે કે જે પુસ્તકો વરસોથી ચાલી રહ્યા હતા. તેમને બદલવાની જરૂર કેમ પડી? આ પાછળ મુખ્યત્વે ૩ મોટા કારણો છે. જેમાં (૧) હવે ભાર માત્ર ગોખણપટ્ટી પર નહી પણ કંઈક શીખવા અને કરી બતાવવા પર છે, નવો સિલેબસ વિદ્યાર્થીઓને વ્યવહારીક જ્ઞાન આપવા માટે ડીઝાઈન કરવામાં આવ્યો છે (૨) દુનિયા ઝડપથી બદલાઈ રહી છે, આજના વિદ્યાર્થીઓને કોર્ડીંગ, ડેટા સાયન્સ , પર્યાવરણ અને આધુનિક ઈતિહાસ જેવા વિષયોની વધુ જરૂર છે. નવો અભ્યાસક્રમ આ જરૂરીયાતો પુરી કરે છે. (૩) નવા પુસ્તકોનો ઉદેશ ભણતરને બોજ ને બદલે એક આનંદદાયક અનુભવ બનાવવાનો છે. જેથી વિદ્યાર્થીઓ પુસ્તકો સુધી સિમિત ન રહીને બહારની દુનિયાને પણ સમજે.

વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે પણ કેટલીક બાબતો જણાવી છે. જેમાં ધોરણ ૧૦ માં અને ૧૧ માં ના વિદ્યાર્થીઓ નવા પુસ્તકોના ચકકરમાં જુના પુસ્તકો ફેંકી ન દે, કારણ કે ચાલુ વરસે પરીક્ષા તેમાંથી જ લેવાશે, એનસીઈઆરટીની વેબસાઈટ પર ડ્રાફ્ટ સિલેબસ ઉપલબ્ધ છે, જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ ત્યાં જઈને જોઈ શકે છે કે ભવિષ્યમાં તેમને શું નવુ ભણવા મળવાનુ છે, બોર્ડે કહ્યુ છે તેમ ચાલુ વરસે તમારા બેઝીક કોન્સેપ્ટ ને સારી રીતે કલીયર કરો જેથી આવતા વર્ષના મોટા ફેરફાર માટે તમે માનસિક રીતે તૈયાર રહો.

એનસીઈઆરટીનુ આ કદમ ભારતીય શિક્ષણ વ્યવસ્થાને વૈશ્વિક સ્તરે લઈ જવાની એક મોટી કોશિષ છે. તબકકાવાર રીતે ફેરફાર લાગુ કરવાનો નિર્ણય બતાવે છે કે બોર્ડ વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને ગંભીર છે. ભલે ધોરણ ૧૦ માં અને ૧૧ માં ને થોડી રાહ જોવી પડે પણ જયારે નવો સિલેબસ આવશે ત્યારે તે ચોકકસપણે વિદ્યાર્થીઓને ભવિષ્યના પડકારો માટે વધુ સક્ષમ બનાવશે.

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૮૧૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૨૩૯નો કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૭ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૦૮૮૦.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૬૫૮૫.૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૫૨૮૫.૪૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૪૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૬૭૪૬૮.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૦૮૮૦.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧૬૫૮૫.૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૬૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૯૦૩.૭૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૫૨૮૫.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૯૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૪૪૯ અને નીચામાં રૂ.૧૪૬૭૫૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૩૦૨૫ના આગલા બંધ સામે રૂ.૫૮૧૩ ઘટી રૂ.૧૪૭૨૧૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૭૭૫ ઘટી રૂ.૧૨૦૪૧૦ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૧૨ ઘટી રૂ.૧૫૧૦૭ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૦૮ ઘટી રૂ.૧૪૭૩૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૦૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૩૭૦ અને નીચામાં રૂ.૧૪૫૦૦૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૮૮૬ના આગલા બંધ સામે રૂ.૬૦૧૨ ઘટી રૂ.૧૪૭૮૭૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૫૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૫૬૭૪ અને નીચામાં રૂ.૨૨૯૨૩૪ના મથાળે અથડાઈ, રૂ.૨૪૮૧૯૪ના આગલા બંધ સામે રૂ.૧૫૨૩૯ ઘટી રૂ.૨૩૨૯૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૫૮૪ ઘટી રૂ.૨૩૮૧૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૬૪૭ ઘટી રૂ.૨૩૮૨૯૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૫૧૦૩.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૪૪.૯ ઘટી રૂ.૧૧૦૮.૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૪.૮૫ ઘટી રૂ.૩૦૯.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૫.૭ ઘટી રૂ.૩૩૭.૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૩૫ પૈસા વધી રૂ.૧૮૭.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૦૩૧૫.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૩૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૪૬ અને નીચામાં રૂ.૪૨૯૦ના મથાળે અથડાઈ, રૂ.૯૩ ઘટી રૂ.૪૩૦૬ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૯૩૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૫૭ અને નીચામાં રૂ.૮૮૦૨ના મથાળે અથડાઈ, રૂ.૮૯૯૮ના આગલા બંધ સામે રૂ.૩૭ ઘટી રૂ.૮૯૬૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૪૫ ઘટી રૂ.૮૯૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૩.૯ વધી રૂ.૨૯૭.૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧૩.૭ વધી રૂ.૨૯૭.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૪ના ભાવે ખૂલી, રૂ.૨.૪ વધી રૂ.૯૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૨૦ વધી રૂ.૨૬૫૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૪૦ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૪૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૩૬૩૬.૮૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૬૪૮.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૯૬૨.૩૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૯.૮૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬.૩૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૭.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૨.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૫૯૧.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૦૧.૮૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૮૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૨.૦૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૩ કરોડનાં કામ થયાં હતાં.


ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૯૪૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૯૪૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૨૩૪૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૫૬૩૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૭૧૩૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૮૬૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૨૬૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૩૬૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૪૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૬૫૧૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૨૨૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૭૩૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૩૦૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૪૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૧૭ પોઈન્ટ ઘટી ૩૬૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૭ વધી રૂ.૧૦૪૨.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૬ વધી રૂ.૧૨.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૫.૫ ઘટી રૂ.૩૪૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯૧૫ ઘટી રૂ.૨૬૩૬.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨.૩ ઘટી રૂ.૫.૨૬ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૧ પૈસા ઘટી રૂ.૦.૮૮ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩.૧ વધી રૂ.૧૦૫૮.૭ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૮ વધી રૂ.૧૨.૬ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૬ ઘટી રૂ.૬૩૨ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫૬૭.૫ ઘટી રૂ.૪૮૮૮ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૬ વધી રૂ.૧૦૩૨.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૨૫ ઘટી રૂ.૫.૭ થયો હતો. સોનું માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૬.૫ વધી રૂ.૬૩૮.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૧૦ વધી રૂ.૧૨૨૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩.૬૬ વધી રૂ.૧૬.૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૪ પૈસા વધી રૂ.૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૮ વધી રૂ.૧૦૩૮.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૦૫ ઘટી રૂ.૧૨.૬ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૬.૫ વધી રૂ.૮૩૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦૯ વધી રૂ.૯૮૫.૫ના ભાવે બોલાયો હતો.




# હાઈકોર્ટ ના આદેશ છતાં પગાર ન વધતા આંગણવાડી બહેનોનો ઉગ્ર વિરોધઃ ૨ હજાર થી વધુ મહિલાઓએ રાજકોટનો જુબેલી ચોક ગજવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



રાજકોટ શહેર અને જિલ્લામાં આંગણવાડીની બહેનોએ પોતાના હક્ક અને ન્યાય માટે આક્રમક તેવર બતાવ્યા છે. લાંબા સમયથી પડતર માંગણીઓ અને ખાસ કરીને ગુજરાત હાઈકોર્ટના ચુકાદા છતાં પગારમાં વધારો ન થતા રાજકોટ જિલ્લાભરની ૨ હજાર થી વધુ આંગણવાડી બહેનો રાજકોટના જુબેલી ચોક ખાતે એકઠી થઈ હતી અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. રાજકોટમાં આંગણવાડી બહેનોનો વિરોધમાં બહેનોએ જણાવ્યુ હતુ કે નામદાર હાઈકોર્ટે આંગણવાડી વર્કરોને રૂપીયા ૨૪૮૦૦ અને હેલ્પરોને રૂપીયા ૨૦૩૦૦ ચુકવવા માટે સ્પષ્ટ આદેશ કર્યો છે. તેમ છતાં હાલમાં વર્કરને માત્ર રૂપીયા ૧૦ હજાર અને હેલ્પરને રૂપીયા ૫૫૦૦ જેવુ નજીવુ વેતન ચુકવવામાં આવી રહ્યુ છે. આ આર્થિક અન્યાયને લઈને બહેનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગઈ કાલે વિરોધ પ્રદર્શનના ભાગરૂપે આંગણવાડીઓને તાળા મારી દેવામાં આવ્યા હતા અને બહેનોએ અચોકકસ મુદતની હડતાળનુ એલાન કર્યુ હતું. બહેનોની મુખ્ય માંગણીઓમાં હાઈકોર્ટના આદેશ મુજબ પગાર વધારો આપવો, કામગીરી માટે સ્માર્ટ મોબાઈલ ફોન પુરા પાડવા અને અન્ય વહિવટી પ્રશ્નોનો ઉકેલ લાવવાનો સમાવેશ થાય છે. રાજકોટ ના હાર્દ સમાન જુબેલી ચોક ખાતે મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થતા પોલીસ કાફલો પણ ખડકી દેવામાં આવ્યો હતો. આંગણવાડી બહેનોએ ચીમકી આપી હતી કે જયાં સુધી તેમની માંગણીઓ સંતોષવામાં નહી આવે ત્યાં સુધી તેઓ કામ પર પરત ફરશે નહી અને આ લડત વધુ ઉગ્ર બનાવશે. આ હડતાળને કારણે આંગણવાડીના બાળકોના પોષણ અને શિક્ષણ કાર્ય પર પણ અસર પડવાની ભીતી સેવાઈ રહી છે.

### ગેસનો નિયમિત પુરવઠો થાય તો ઉદ્યોગો ફરી શરૂ થઈ શકે : તેજસ ગાજીપરા AAP

# રાજકોટ-ગોંડલ ઉદ્યોગ વિસ્તારમાં ૮૦૦થી વધુ યુનિટ બંધ, એક લાખથી વધુ લોકોની રોજગારી જોખમમાં : તેજસ ગાજીપરા AAP

### ગેસ સપ્લાય ખોરવાતા નાના ઉદ્યોગો પર સંકટ,રોજગારી આપવાના દાવા વચ્ચે ઉદ્યોગો શટડાઉનઃ તેજસ ગાજીપરા AAP

અમદાવાદ/રાજકોટ/ગુજરાત

આમ આદમી પાર્ટીના રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરાએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતુ કે રાજકોટથી ગોંડલ જતાં ઉદ્યોગ વિસ્તારમાં આવેલા અનેક ઉદ્યોગોમાંથી ૮૦૦થી વધુ ઉદ્યોગો બંધ થઈ ગયા છે અથવા શટડાઉન થઈ ગયા છે. જેના કારણે ત્યાં કામ કરતા એક લાખથી વધુ લોકોની રોજગારી પર ગંભીર અસર પડી છે. આ ઉદ્યોગોમાં ગેસ આધારિત ઉદ્યોગો, જેમ કે કાસ્ટિંગ અને ઓટોમોબાઈલ સાથે જોડાયેલી ફેક્ટરીઓનો સમાવેશ થાય છે, જેના પર સૌથી વધુ અસર જોવા મળી છે. તેના પરિણામે હજારો પરિવારોના જીવન પર મોટી અસર પડી છે. તેમણે સરકારને નિશાન બનાવી જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર રોજગારી આપવાના મોટા મોટા દાવા કરે છે, પરંતુ હકીકતમાં નાના ઉદ્યોગોની રોજગારી છીનવવામાં આવી રહી છે. AAP નેતા તેજસ ગાજીપરાએ વધુમાં જણાવ્યું કે ગેસનો પુરવઠો બંધ થવાને કારણે ઉદ્યોગોમાં ઉત્પાદન અટકી ગયું છે. ગેસ ઉપલબ્ધ હોવા છતાં યોગ્ય રીતે સપ્લાય ન થવાને કારણે ઉદ્યોગોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો ગેસનો નિયમિત પુરવઠો મળે તો ઘણા ઉદ્યોગો ફરી શરૂ થઈ શકે છે. તેમણે મોરબીના સિરામિક ઉદ્યોગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ત્યાં પણ ગેસ અને પોલિસી સંબંધિત મુદ્દાઓને કારણે ઉદ્યોગો પર ગંભીર અસર પડી છે અને આવનારા સમયમાં ભાવવધારો થવાની શક્યતા છે. તાજેતરમાં કોમર્શિયલ ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે નાના ઉદ્યોગો અને વેપારીઓ પર વધુ ભાર પડ્યો છે. ઘણા નાના ધંધા અને રોજગારો બંધ થવાની કગાર પર છે. તેમણે સરકારને અપીલ કરી કે આ મુદ્દે ગંભીર વિચારણા કરીને ઉદ્યોગોને ફરી શરૂ કરવા માટે જરૂરી પગલાં લેવાની જરૂર છે. નહીં તો આવનારા સમયમાં બેરોજગારીમાં મોટો વધારો થવાની શક્યતા છે. તેમણે જણાવ્યું કે માત્ર વાતો નહીં, પરંતુ જો સરકાર યોગ્ય પગલાં લેશે તો અમે તેને સંપૂર્ણ સમર્થન કરીશું.

# અમદાવાદનો શાહીબાગ અંડરબ્રિજ ૧૦ દિવસ માટે બંધ કરાયોઃ વાહનોની અવર જવર પર લગાડવામાં આવી રોક

પ્રતિનિધિ,ગાંધીનગર




અમદાવાદ શહેરમાં ટ્રાફીક વ્યવસ્થાને અસર કરતી મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદનો શાહીબાગ અંડરબ્રિજ ફરી ૧૦ દિવસ માટે બંધ રહેશે. મળતી માહિતી મુજબ રેલ્વે ટ્રેક રીપેરીંગની ચાલતી કામગીરીના પગલે અમદાવાદનો આ અંડરબ્રિજ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખ ૧૯ માર્ચ થી ૨૮ માર્ચ બપોરે અને રાત્રે વાહનોની અવર જવર પર રોક લગાડી દેવામાં આવી છે. સવારે ૧૨ થી ૫ વાગ્યા સુધી વાહનોની અવર જવર બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ત્યારે હવે આ બ્રિજના બદલામાં મુસાફરો શીલાલેખ થી રીવરફ્રન્ટના રસ્તાનો ઉપયોગ કરી શકશે. શાહીબાગ અંડરબ્રિજ ૧૯ માર્ચ થી ૨૮ માર્ચ સુધી કુલ ૧૦ દિવસ માટે સમયાંતરે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રેલ્વે ટ્રેક ના રીપેરીંગના કામને ધ્યાનમાં રાખીને આ પગલુ લેવામાં આવ્યુ હોવાનુ અધિકારીઓએ જણાવ્યુ છે. જેના કારણે બ્રિજ પર વાહનોની અવર જવર પર રોક લગાડી દેવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન બપોરે ૧૨ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી તેમજ રાત્રીના કેટલાક સમય દરમિયાન વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ કારણે રોજીંદા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેથી ટ્રાફીક વિભાગે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. વૈકલ્પિક માર્ગ તરીકે શીલાલેખ થી રીવરફ્રન્ટ તરફ જતો રસ્તો ખુલ્લો રાખવામાં આવશે, જેના મારફતે વાહન ચાલકો પોતાની મુસાફરી ચાલુ રાખી શકશે , આ ઉપરાંત શાહીબાગ થી મહાપ્રજ્ઞજી બ્રિજ તરફ જવા માટે પણ માર્ગ ઉપલબ્ધ રહેશે, જેથી ટ્રાફીકનો ભાર વહેચી શકાય, તેમજ આર્મી કોન્ટોન્મેન્ટ વિસ્તારનો રસ્તો પણ નકકી કરાયેલા સમય દરમિયાન ઉપયોગ માટે ખુલ્લો રહેશે. ટ્રાફીક પોલીસ દ્વારા નાગરીકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ સુચિત માર્ગોનો ઉપયોગ કરે અને સમયસર પોતાની મુસાફરીનુ આયોજન કરે, જેથી અનાવશ્યક ટ્રાફીકજામથી બચી શકાય.

# ભારત માટે ખતરાની ઘંટડીઃ ઈરાની-ઈઝરાયેલ યુદ્ધની જવાળામાં કતરનો ગેસ પ્લાન્ટ લપેટાયો

### અડધો અડધ ગેસ સપ્લાય અટકતા હાહાકાર : ભારતની ગેસ આયાત પર કતરનો દબદબો : એલપીજી અને સીએનજીના ભાવમાં ભડકો થવાની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભયાનક યુદ્ધની સીધી અસર હવે ભારતીય રસોડા અને અર્થતંત્ર પર પડવાની શરૂ થઈ ગઈ છે. ઈરાન દ્વારા કતર ના રાસ લફાન ખાતે આવેલા વિશાળ ગેસ પ્લાન્ટ પર કરવામાં આવેલા બેલેસ્ટીક મીસાઈલ હુમલાથી ભારત માટે મોટુ સંકટ ઉભુ થયુ છે. ભારત પોતાની જરૂરીયાતનો લગભગ ૪૭ ટકા જેટલો લિકિવફાઈડ નેચરલ ગેસ કતર થી આયાત કરે છે. જે હવે આ હુમલા બાદ અનિશ્ચિતતાના વાદળોમાં ઘેરાયો છે.

ભારત દર વરસે અંદાજે ૨૭ મીલીયન ટન એલએનજી આયાત કરે છે, જેમાંથી ૧૨ થી ૧૩ મીલીયન ટન માત્ર કતર થી આવે છે. કતર એનર્જીના રાસ લફાન પ્લાન્ટ પર થયેલા હુમલાને કારણે ત્યાં ઉત્પાદન અટકાવવુ પડયુ છે. જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો ભારતને મોંઘા ભાવે અન્ય દેશો પાસેથી ગેસ ખરીદવાની ફરજ પડી શકે છે. આ ઉપરાંત સંયુકત આરબ અમીરાત (યુએઈ) થી ૨૪ ટકા અને અમેરીકાથી ૧૧ ટકા ગેસ આવે છે. પરંતુ હોર્મુઝ ની સામુદ્રધુની માં વધતા તણાવને કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. જો કતરમાં ગેસ ઉત્પાદન લાંબા સમય સુધી પ્રભાવિત રહેશે તો તેની સીધી અસર ભારતના સામાન્ય નાગરીકો પર પડશે. ઘરેલુ રાંધણ ગેસ (એલપીજી) અને વાહનોમાં વપરાતા સીએનજી ના ભાવમાં ધરખમ વધારો થઈ શકે છે. જો કે ભારત સરકારનુ કહેવુ છે કે હાલમાં દેશમાં ગેસની કોઈ અછત નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ અને ગેસની કિંમતો



વધતા ભારતની વેપાર ખાદ્ય વધી શકે છે. કતર પરના નિર્ભરતા ઘટાડવા માટે ભારત હવે અન્ય દેશો તરફ નજર દોડાવી રહ્યુ છે. આ કટોકટીના સમયે ભારત અમેરીકા, ઓસ્ટ્રેલીયા અને રશીયા પાસેથી વધુ ગેસ મંગાવવાનો વિકલ્પ વિચારી શકે છે. જો કે આ દેશો પાસેથી ગેસ મંગાવવો પરીવહનની દ્રષ્ટીએ મોંઘો પડી શકે છે. તેલ અવિવ અને તેહરાન વચ્ચે વધતી દુશ્મનાવટને કારણે ભારતીય ગેસ ટેન્કરો અત્યારે સમુદ્રમાં સુરક્ષિત માર્ગ ની રાહ જોઈ રહ્યા છે. જે સપ્લાય પર વધારાનુ દબાણ ઉભુ કરી રહ્યુ છે.

# આરએલડીએ, અમદાવાદ એકમ દ્વારા યુનેસ્કો પ્રતિનિધિમંડળનું સ્વાગતઃ અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ

રેલ ભૂમિ વિકાસ પ્રાધિકરણ (RLDA), અમદાવાદ એકમ દ્વારા આજે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરના પ્રતિનિધિ શ્રી રોનાલ્ડ લિન, આઈકોમોસ નિષ્ણાત સુશ્રી એલિઝાબેથ વાયન્સ તથા શ્રી મદનસિંહ ચૌહાણનું તેમના રિએક્ટિવ મોનિટરિંગ મિશન અંતર્ગત સ્વાગત કરવામાં આવ્યું. પ્રતિનિધિમંડળે અમદાવાદ રેલવે સ્ટેશન (કાલુપુર) ખાતે ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમને પ્રોજેક્ટના તે દ્રષ્ટિકોણ વિશે માહિતગાર કરવામાં આવ્યા, જેના અંતર્ગત આધુનિક મુસાફર સુવિધાઓ સાથે શહેરની સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું સંકલિત સંરક્ષણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.



ભ્રમણ દરમિયાન ખાસ કરીને રજૂઆત કરવામાં આવી કે પ્રોજેક્ટમાં કેન્દ્ર દ્વારા સંરક્ષિત સ્મારકો બ્રિક મીનાર અને ઝૂલતા મીનારને કેવી રીતે સંવેદનશીલ રીતે સામેલ કરવામાં આવી રહ્યા છે.

આ પહેલનો હેતુ આ ઐતિહાસિક વારસાને, જે અત્યાર સુધી તુલનાત્મક રીતે ઓછા ધ્યાનમાં રહ્યા છે, મહત્વ આપીને તેમને શહેરી અનુભવનો અભિન્ન અને આકર્ષક ભાગ બનાવવાનો છે. પ્રતિનિધિમંડળે પ્રોજેક્ટની સમાવેશી તથા વારસા-કેન્દ્રિત આયોજનની પ્રશંસા કરી. બંને નિષ્ણાતો બ્રિક મીનાર અને ઝૂંઠા મીનારની વિશિષ્ટ સ્થાપત્ય શૈલીથી ખાસ પ્રભાવિત થયા તથા આ પ્રોજેક્ટને વારસા-સંવેદનશીલ અવસંરચના વિકાસ ક્ષેત્રમાં એક આદર્શ ઉદાહરણ બનવાની ક્ષમતા ધરાવતો ગણાવ્યો.

# અમદાવાદમાં રૂપિયા ૨.૩૮ કરોડની નકલી નોટો ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગત મોડી રાતે અમરાઈવાડી વિસ્તારમાંથી કરોડો રૂપિયાની નકલી ચલણી નોટો ઝડપી પાડી છે. આ સાથે જ સુરતની એક મહિલા સહિત ૭ આરોપીની ધરપકડ કરી છે. આ લોકો પાસેથી પકડાયેલી ૨.૩૮ કરોડની નકલી ચલણી નોટોની ગણતરી કરતા પોલીસને છ કલાકનો સમય લાગ્યો હતો. આ પૈકી અમદાવાદથી રૂ. ૨.૩૮ કરોડ અને રૂ. ૮૦ લાખની ચલણી નોટો સુરતથી પકડાઈ હતી. આ નોટોની ગણતરી પૂરી થયા બાદ ક્રાઈમ બ્રાન્ચે વિધિવત ફરિયાદ નોંધી હતી. મહત્ત્વનું છે કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીને આધારે નકલી નોટના નેટવર્કને ઝડપ્યું છે. આ તમામ આરોપી સુરતનું હોવાનું જણાતા સુરત ક્રાઈમ બ્રાન્ચને પણ જાણ કરાઈ હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજીત રાજિયનના જણાવ્યાનુસાર, આ આરોપી ચીનથી હાઈ ક્વૉલિટી પેપર લાવીને નકલી ચલણી નોટો બનાવતા. આ તમામ નોટોનો ઉપયોગ તેઓ જમીન સોદામાં વટાવતા. આ માટે તેઓ આંગડિયાનો પણ ઉપયોગ કરતા. આ પહેલા પણ આરોપીઓ અમદાવાદમાં ત્રણથી ચાર નાણાકીય વ્યવહાર કરી ચૂક્યા છે, જે દિશામાં હાલ તપાસ ચાલી રહી છે. આ નોટો ત્યાં સુધી નથી પકડી શકાતી, જ્યાં સુધી બેંકના ટેબલ પર તેનું સ્કેનિંગ ના થાય. બાતમીના આધારે અમદાવાદમાં સુરતથી આવતી સત્યમ યોગ ફાઉન્ડેશન લખેલી એક શંકાસ્પદ લક્ઝરી કારને અમરાઈવાડી વિસ્તારમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આંતરવામાં આવી હતી. જેમાંથી ૨.૩૮ કરોડની નકલી નોટોનો જથ્થો મળી આવ્યો હતો. આરોપીઓ પોલીસ તપાસથી બચવા માટે ભારત સરકાર અને આયુષ મંત્રાલયના નામનો દુરુપયોગ કરી સરકારી ગાડી હોવાનો ઢોંગ કરી રહ્યા હતા. આ કેસમાં સુરતની એક મહિલા સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરાઈ છે.

### ૩૦ વર્ષના શાસન બાદ પણ આરોગ્ય સેવાઓમાં સુધારો નહીં : પાયલ સાકરીયા

# સુરત સિવિલ હોસ્પિટલની કથળી ગયેલી સ્થિતિ પર AAP યુવા નેતા પાયલ સાકરીયાએ ભાજપ સરકારને આડેહાથ લીધી

### ભાજપના જ ધારાસભ્યના નિવેદનથી ખુલાસો, “સ્ટ્રેચર ખેંચવા સ્ટાફ પણ નથી : પાયલ સાકરીયા

અમદાવાદ/સુરત/ગુજરાત

ગુજરાતમાં હોસ્પિટલોની કથળી ગયેલી પરિસ્થિતિ અંગે ખુદ ભાજપના જ સુરતના ધારાસભ્યએ વિધાનસભામાં પોતાની વેદના ઠાલવી હતી. વિકાસની મોટી મોટી વાતો અને વિકાસનો દુષ્પ્રચાર કરીને લોકોને છેતરવાના કામો કરતી ભાજપ સરકારના રાજમાં સુરતની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સ્ટ્રેચર પર લઈ જવા પૂરતો સ્ટાફ પણ નથી, અને વાતો ‘હવાઈ કિલ્લા’ બાંધવાની કરે છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના યુવા નેતા પાયલ સાકરિયાએ ઉગ્ર પ્રતિક્રિયા આપી. AAP યુવા નેતા પાયલ સાકરિયાએ વિડિયો માધ્યમથી જણાવ્યું હતું કે સુરતના મહિલા ધારાસભ્યએ વિધાનસભા ગૃહમાં કહ્યું કે સુરત સિવિલ હોસ્પિટલમાં સ્ટ્રેચર ખેંચવા માટે માણસો નથી. દર્દીઓના પરિવારજનો જ સ્ટ્રેચર ખેંચીને અંદર લઈ જાય છે અને બહાર લાવે છે, હાલ સુરતની સ્થિતિ એટલી કથળી ગઈ છે. આ બાબતે ઘણા લોકોએ અવાજ ઉઠાવ્યો છે, પરંતુ આ અવાજને ક્યાંકને ક્યાંક દબાવી દેવામાં આવે છે. કોઈ રીતે લોકો અવાજ ન ઉઠાવે તે માટે હંમેશા પ્રયાસો કરવામાં આવે છે. જો ખરેખર લોકોના વિકાસ માટે, આરોગ્ય માટે અને શિક્ષણ માટે પ્રયાસો કરવામાં આવ્યા હોત, તો આજે ૩૦ વર્ષ પછી પણ ગુજરાતની આવી સ્થિતિ ન હોત.

AAP નેતા પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે જે સુરતમાં આરોગ્ય મંત્રી પોતે રહે છે, એ જ શહેરમાં સિવિલ હોસ્પિટલની આવી કથળી ગયેલી પરિસ્થિતિ હોય, તો આખા ગુજરાતની કેવી સ્થિતિ હશે? એવું નથી કે આરોગ્ય મંત્રીને આ બાબતે ખબર નથી. તેમને પણ ખબર છે કે ગુજરાતની આરોગ્ય વ્યવસ્થા કથળી ગઈ છે. તેમણે પોતે પણ સારવાર લેવા માટે ગુજરાતની બહાર જવું પડે છે અને ત્યાંથી સારવાર લઈને પાછા આવે છે. એક તરફ સરકાર લોકો સમક્ષ આરોગ્ય સુવિધાઓની મોટી મોટી વાતો કરે છે અને વાહવાહી લૂટે છે, તેમને આ પરિસ્થિતિ માટે જવાબદાર માનવા જોઈએ.

આજે ૩૦ વર્ષ પછી પણ જો આરોગ્ય સેવાઓ સુધારી શકાઈ નથી, અને આરોગ્ય મંત્રીને પોતે સારવાર માટે બહાર જવું પડે છે, તથા તેમની જ પાર્ટીના ધારાસભ્ય કહે છે કે સિવિલ હોસ્પિટલની સ્થિતિ કથળી ગઈ છે, તો આથી વધુ શું કહી શકાય?

# શું છે LPG, LNG, PNG, CNG?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે જાત જાતના ગેસના નામો સાંભળ્યા છે પણ એ ખરેખર શું છે એની ટેક્નિકલીટી આપણે જાણતા નથી. બધાની પાછળ લાગે છે ગેસ અને એ પછી પણ બધાનું ફોર્મેટ અને વપરાશ જુદા-જુદા છે. ચાલો જાણીએ એ ફોર્મેટ અને એનો વપરાશ.




**LPG અર્થાત લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસઃ-**

આ જે LPG છે એ પ્રોપેન અને બ્યુટેન નું મિશ્રણ છે. પ્રોપેન અને બ્યુટેનને દબાણ આપીને એને લિકવિડ ના સ્વરૂપમાં સિલિન્ડરમાં ભરવામાં આવે છે. આ જે ગેસ છે એ વજનવાળો હોય છે. અને એટલે જ એ લીક થતા આજુબાજુમાં પુષ્કળ નુકશાન નોતરે છે. આપણે ત્યાં LPG નો મહત્તમ ઉપયોગ કુકિંગ ગેસ તરીકે થાય છે. તો સાથોસાથ કેટલીક ઈન્ડસ્ટ્રીઝમાં પણ એનો વપરાશ કરવામાં આવે છે.

**LNG અર્થાત લિક્વિફાઈડ નેચરલ ગેસઃ-**

આ કુદરતી ગેસ છે. જેમાં મુખ્યત્વે મિથેન છે. મિથેનને માઈનસ ૧૬૨ ડિગ્રી સેલ્સિયસે ઠંડુ કરીને લિકવિડ બનાવવામાં આવે છે જેથી એનું કદ ૬૦૦ ગણું ઘટી જાય અને શિપ દ્વારા લાંબા અંતર સુધી જઈ શકાય છે. LNG નો ઉપયોગ પાવર પ્લાન્ટ અને સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝમાં મહત્તમ થાય છે તો ફર્ટિલાઈઝર બનાવવામાં પણ એનો ઉપયોગ થાય છે. LNG માટે પણ આપણે કતાર (ખાડીના દેશ) પર આધારિત છીએ.

**PNG અર્થાત પાઈપ્ડ નેચરલ ગેસઃ-**

આ પ્યોરલી કુદરતી ગેસ છે જે પાઈપલાઈન દ્વારા સીધો ઘર સુધી પહોંચાડવામાં આવે છે. આ ગેસ વજનમાં એકદમ હળવો હોવાથી લીકેજ પછી જમીન પર રહેવાને બદલે ઉપરની દિશામાં આગળ વધી જાય છે. પરિણામે એનો વપરાશ LPG કરતા વધારે સુરક્ષિત છે. ભારત સરકાર ગેસ આધારિત અર્થતંત્ર બનાવવા માટે શહેરોમાં PNG નેટવર્ક ઝડપથી વિસ્તારી રહી છે. PNG એ હકીકતમાં લિક્વિફાઈડ નેચરલ ગેસનું ગેસ સ્વરૂપ છે. મતલબ કે આ ગેસ માટે પણ આપણે કતાર (ખાડીના દેશો) પર મદાર રાખીએ છીએ.

**CNG અર્થાત કમ્પ્રેસ્ડ નેચરલ ગેસઃ -**

જ્યારે કુદરતી ગેસને ખૂબ ઊંચા દબાણે દબાવવામાં આવે ત્યારે એ CNG બને છે. CNG નો ઉપયોગ વાહનોમાં પેટ્રોલ અને ડીઝલના વિકલ્પ સ્વરૂપે ઈંધણ તરીકે કરવામાં આવે છે. એ પોલ્યુશનને ઓછું નુકસાન કરે છે અને પેટ્રોલ -ડીઝલ કરતા સસ્તો પણ છે.

CNG ની બાબતમાં આપણે ૫૦% ઈમ્પોર્ટ પર આધાર રાખીએ છીએ. જ્યારે એટલો જથ્થો દેશમાં જ બનાવીએ છીએ. આ છે વિવિધ ગેસનું ગજબનાક વિશ્વ.

# ગાંધીનગર કમલમમાં ભાજપની હાઈવોલ્ટેજ બેઠક : પ્રદેશ સ્તરેથી જિલ્લાઓને છુટયા આદેશઃ વિરોધીઓને વિરોધનો મોકો ન આપો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે સંગઠનની એક અત્યંત મહત્વની બેઠક ગઈ કાલે યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ નેતૃત્વ દ્વારા તમામ જિલ્લા પ્રમુખો અને હોદ્દેદારોને જીતવા માટેનો રોડમેપ સોંપવામાં આવ્યો હતો. ખાસ કરીને બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચુંટણીને પ્રતિષ્ઠાનો જંગ માની કોઈપણ ભોગે જીત મેળવવા માટે કડક સુચના આપવામાં આવી છે.



પ્રદેશ નેતૃત્વએ સ્પષ્ટ કહ્યુ છે કે ૨૦ થી ૨૨ માર્ચ સુધીમાં તમામ જિલ્લા સ્તરની બેઠકો પૂર્ણ કરી દેવાની રહેશે. ઉમેદવારોના નામ જાહેર થયા બાદ પક્ષમાં કોઈ આંતરીક વિખવાદ કે વિરોધ ન થાય તેની તકેદારી રાખવા જણાવાયુ છે. નેતાઓએ ટકોર કરી છે કે જો કોઈ વિરોધ કરનાર હોય તો તેને વિરોધ કરવાનો મોકો જ ન આપો, પક્ષના ઉમેદવારને જીતાડવા માટે લાગી જાવો, બેઠકમાં જાહેરાત કરવામાં આવી હતી કે ૮ એપ્રિલ થી ભાજપ દ્વારા ઘર ઘર સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે, આ અભિયાન દ્વારા છેવાડાના માનવી સુધી પહોચીને સરકારની યોજનાઓ અને પક્ષની વિચારધારા પહોચાડવામાં આવશે, બનાસકાંઠા જિલ્લા પંચાયત પર વધુ ભાર મુકતા જણાવ્યુ હતુ કે જો અત્યારે પંચાયતોની ચુંટણીઓમાં જીત મેળવશો તો તેની સીધી અસર આવનારી ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓમાં ફાયદો જોવા મળશે.

# અરવલ્લી જિલ્લામાં ભાજપના વળતા પાણીની શરૂઆત મોડાસા માર્કેટયાર્ડમાં દેખાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં થોડા દિવસો અગાઉ ભાજપના એક ધારાસભ્યના સર્વેમાં અરવલ્લી જિલ્લામાં ભાજપના વળતા પાણી ની આગાહી કરી હતી. જે અરવલ્લી જિલ્લાની માર્કેટયાર્ડ થી શરૂઆત થઈ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જેમાં ભાજપના મેન્ડેટ વિરૂધ્ધ ચુંટણી યોજાઈ હતી જેમાં બળવાખોર નેતાની જીત થઈ હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા માર્કેટયાર્ડમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી યોજાતા રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. ભાજપના મેન્ડેટના વિરૂધ્ધ જઈ કેટલાક ડીરેકટરોએ મતદાન કરતા ચુંટણી રસપ્રદ બની હતી.

**મોડાસા માર્કેટયાર્ડમાં ચેરમેન- વાઈસ ચેરમેનની ચુંટણીમાં રાજકીય ગરમાવા બાદ ભાજપના બળવાખોર નેતાની જીત**



મળતી માહિતી મુજબ ભાજપના મેન્ડેટ માં કિરીટભાઈ પટેલનુ નામ જાહેર થતા કેટલાક ડીરેકટરોમાં અસંતોષ થયો હતો. જેના કારણે ચેરમેન પદ માટે ચુંટણી યોજવાની ફરજ પડી હતી. જિલ્લા રજીસ્ટ્રાર તથા ખેતીવાડી વિભાગના અધિકારીઓની હાજરીમાં ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ચેરમેન પદ માટે પંકજભાઈ પટેલ અને કિરીટભાઈ પટેલ વચ્ચે સીધી ટકકર થઈ હતી. મતદાનના અંતે પંકજભાઈ પટેલને ૯ મત મળ્યા હતા જયારે હરીફ કિરીટભાઈ પટેલને ૭ મત મળતા પંકજભાઈ પટેલ ખેડુત વિભાગમાંથી ચેરમેન તરીકે વિજેતા જાહેર થયા હતા. જયારે વેપારી વિભાગમાંથી રાકેશભાઈ પટેલ વાઈસ ચેરમેન પદ માટે બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. ચુંટણીના પરીણામ બાદ વિજેતા ઉમેદવારોના સમર્થકો અને માર્કેટયાર્ડના ડીરેકટરોએ ઉજવણી કરી વિજય નો આનંદ વ્યકત કર્યો હતો, પરંતુ જે પ્રકારે મોડાસા માર્કેટયાર્ડમાં મેન્ડેટ વિરૂધ્ધ જઈ જે રીતે ચુંટણી યોજાઈ જેને લઈ અરવલ્લી જિલ્લામાં ભાજપના વળતા પાણી થયા હોવાનુ ચર્ચાયુ હતું. જેને લઈ હવે રાજકારણમાં પણ ગરમાવો જોવા મળ્યો હતો.

## શીલજના ૭૦ વર્ષના વકીલને સાયબર ઠગ મહિલાએ ૫૭ લાખનો ચૂનો લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં સાયબર ઠગાઈના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને ઠગ હવે નવી નવી મોડેસ ઓપરેન્ડી અપનાવી લોકોને નિશાન બનાવી રહ્યા છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં શીલજના 70 વર્ષીય વકીલને ફેસબુક પર સંપર્ક કરી એક યુવતીએ લગ્ન કરવાની લાલચ આપીને ક્રિપ્ટો કરન્સી (USDT)માં રોકાણ કરાવી કુલ 57.90 લાખની ઠગાઈ કરી છે. યુવતીએ વકીલ સાથે લગ્ન કરી ઈટલીમાં સેટલ થવાની લાલચ પણ આપી હતી. જે અંગે સાઈબર ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.ફરિયાદ મુજબ નવેમ્બર 2025માં વકીલનો ફેસબુક પર “લક્ષ્મીદેવી રેડી” નામની યુવતી સાથે સંપર્ક થયો હતો. યુવતીએ પોતે IIM અમદાવાદમાંથી અભ્યાસ કરેલો હોવાનું અને હાલ હૈદરાબાદમાં રહેતી હોવાનું જણાવી વાતોમાં વકીલનો વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ-લે થઈ અને રોજિંદા વોટ્સએપ મેસેજ તથા વીડિયો કોલ દ્વારા વાતચીત શરૂ થઈ, જેના કારણે વકીલને યુવતી પર ગાઢ વિશ્વાસ આવી ગયો હતો.

### AAPના પ્રદેશ નેતૃત્વ દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા પૂર્ણ

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે AAP તૈયાર, ટૂંક સમયમાં ઉમેદવારોની પહેલી યાદી થશે જાહેર

### AAPના મજબૂત ઉમેદવારો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નવો ઈતિહાસ લખશેઃ ઈસુદાન ગઢવી






અમદાવાદ/ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે અને આજે આમ આદમી પાર્ટી ગુજરાતની અંદર એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આમ આદમી પાર્ટી તમામ ૧૨૦૦૦ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. તો અગાઉ આમ આદમી પાર્ટી દ્વારા સ્થાનિક લેવલે ઉમેદવાર પસંદગી પ્રક્રિયા યોજાઈ હતી અને ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવેલા હતા. તો ૧૬ માર્ચથી ૧૮ માર્ચ સુધી પ્રદેશ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી હતી. આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના અધ્યક્ષસ્થાને પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા ચાલી હતી. આ પ્રક્રિયામાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની સાથે સાથે પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, મહામંત્રી રાકેશ હીરપરા, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામ, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ દિવસ સમગ્ર ગુજરાતમાંથી હોદ્દેદારો અને ઉમેદવારો આવ્યા અને ખૂબ જ મોટા પ્રમાણમાં દાવેદારી નોંધાવવામાં આવી હતી. ઝીણવટભરી પ્રક્રિયા પછી ટૂંક સમયમાં ઉમેદવારોની યાદીનું પહેલું લિસ્ટ જાહેર કરવામાં આવશે. આમ આદમી પાર્ટી તમામ સીટો પર મજબુતીથી ઉમેદવારો મેદાને ઉતારવા જઈ રહી છે. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી હતી. ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે અને આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે, ત્યારે રાજકારણમાં આવીને પ્રજાની સેવા કરવા માંગતા લોકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. આ તમામ લોકોનો એક જ સંકલ્પ છે કે ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ.

# પ્રદેશ ભાજપ દ્વારા શકિતશાળી કોર ગ્રૃપની રચનાઃ સાબરકાંઠા જિલ્લાની કરાઈ બાદબાકી

### સાબરકાંઠા જિલ્લાની મંત્રી મંડળ બાદ વધુ એક કોર ગ્રૃપની રચનામાં બાદબાકી કરાતા કાર્યકરોમાં નારાજગી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના મંત્રી મંડળમાં અને પ્રદેશ ભાજપના સંગઠન માળખામાં માત્ર ને માત્ર બે હોદ્દા આપી સાબરકાંઠા જિલલાને સ્થાન આપવામાં આવ્યુ છે પરંતુ પૂર્વ ગ્રૃહ મંત્રી પ્રફુલ પટેલ બાદ સાબરકાંઠા જિલ્લાને મંત્રી મંડળમાં થી બાદબાકી કરવામાં આવતા કાર્યકરોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.




કોર ગ્રૃપમાં પણ સાબરકાંઠા જિલ્લાના એકપણ આગેવાનને સ્થાન મળ્યુ નથી, ભાજપના પૂર્વ અધ્યક્ષ અને સીનીયર મંત્રી રમણલાલ વોરા ની પણ કોર ગ્રૃપમાં બાદબાકી કરવામાં આવતા સમર્થકોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, એક કેન્દ્રીય મંત્રી અને ત્રણ રાજય સરકારના મંત્રી તેમજ બે પૂર્વ મંત્રી, સંગઠન મહામંત્રી અને ધારાસભ્યને કોર ગ્રૃપમાં સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યુ છે. હવે માત્ર પાર્લામેન્ટરી બોર્ડ ના સભ્યોના નામ જાહેર કરવાના બાકી છે.

ભાજપના હાઈકમાન્ડ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રદેશ ભાજપના કોર ગ્રૃપના ૧૧ સભ્યોના નામ ગઈ કાલે સાંજે જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, કેન્દ્રીય જળશકિતમંત્રી અને પૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ (સુરત શહેર) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી (સુરત શહેર) પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજી (ગાંધીનગર શહેર), રાજય સરકારના પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી (ભાવનગર શહેર), કેબિનેટ મંત્રી ઋષીકેશ પટેલ (મહેસાણા), પ્રદેશ ભાજપ અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ અને ધારાસભ્ય ગણપતસિંહ વસાવા (સુરત જિલ્લો) , રાજય સરકાર ના મંત્રી દર્શનાબેન વાઘેલા (અમદાવાદ), પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા (અમદાવાદ જિલ્લો) અને આઈ કે જાડેજા (સુરેન્દ્રનગર) નો કોર ગ્રૃપમાં સ્થાન આપવામાં આવ્યુ છે. આ કોર ગ્રૃપમાં સુરત જિલ્લામાંથી ત્રણ અને અમદાવાદ જિલ્લામાંથી બે થી ત્રણ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ સાબરકાંઠા જિલ્લામાંથી એકપણ નેતાને કોર ગ્રૃપ કમિટીમાં ની રચનામાં સમાવેશ કરવામાં ન આવતા ભાજપના કાર્યકરોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

# ગાડા નીચે કુતરૂ ચાલે તો તેને એમ જ લાગે કે ગાડુ હું હંકારૂ છું: કોંગ્રેસના મહિલા અગ્રણી નેતા જેની ઠુમ્મર ના ભાજપના અધ્યક્ષ પર આકરા પ્રહારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં આરોપ પ્રત્યારોપનો સીલસીલો તેજ બન્યો છે. તાજેતરમાં કોંગ્રેસના મહિલા અગ્રણી નેતા જેની ઠુમ્મરે સોશીયલ મીડીયાના માધ્યમથી પ્રદેશ ભાજપના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે પ્રદેશ ભાજપના પદાધિકારી જગદીશ પંચાલને સંબોધીને તીખા સવાલો કર્યા છે. જેના કારણે રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસે જનતાને ભ્રમિત નથી કરી, જેની ઠુમ્મરે ભાજપની કાર્યશૈલી પર નિશાન સાધતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસે દેશને કયારેય પોકળ વચનો આપીને લુંટયો નથી. તેમણે ઉમેર્યુ કે કોંગ્રેસે દેવુ કરીને લોકોને ભરમાવવા માટે કયારેય ખોટા દેખાડા કર્યા નથી, કે પછી સત્તા મેળવવા માટે ખોટા ઈતિહાસ ઉભા કરવાની નિમ્ન ચેષ્ઠા પણ નથી કરી. યુવાનો અને લોકશાહીના મુદ્દે ઘેર્યા, ભાજપ સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યુ કે કોંગ્રેસે કયારેય વિપક્ષ કે જનતાનો અવાજ દબાવવાનો પ્રયત્ન કર્યો નથી, તેમણે ગંભીર આરોપ લગાવ્યો કે વર્તમાન શાસનમાં યુવાનોને દિશા વિહીન કરવામાં આવ્યા છે. શિક્ષણ અને આરોગ્ય જેવા પાયાના મુદ્દાઓ પર વાત કરતા તેમણે જણાવ્યુ કે ભાજપે માત્ર ધારાસભ્યોની ખરીદી કરવામાં જ રસ દાખવ્યો છે. જેની ઠુમ્મરે વધુમાં જણાવ્યુ હતુ કે ૩૦ વરસના શાસન પછી પણ જો તમારે વારંવાર કોંગ્રેસ કોંગ્રેસ કરવુ જ પડતુ હોય તો તે તમારી નિષ્ફળતા દર્શાવે છે. કુતરા અને ગાડા ના દ્રષ્ટાંત થી કટાક્ષ કરતા કહ્યુ હતુ કે જેની ઠુમ્મરે એક પ્રચલિત કહેવતનો ઉપયોગ કરીને ભાજપના અહંકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે લખ્યુ હતુ કે ગાડા નીચે કુતરૂ ચાલતુ હોય તો કુતરાને એમ જ લાગે કે ગાડુ હું જ હંકારૂ છું, આડકતરી રીતે તેમણે સુચવ્યુ હતુ કે ભાજપ વિકાસનો જે શ્રેય લઈ રહી છે તેની પાછળની વાસ્તવિકતા કંઈક અલગ છે. ઈતિહાસ જાણવાની સલાહ આપતા પોતાની પોસ્ટના અંતમાં તેમણે વધુ આક્રમણ વલણ અપનાવતા કહ્યુ હતુ કે જો ભાજપના નેતાઓને કોંગ્રેસના કામો વિશે વધુ માહિતી જોઈતી હોય તો તેમણે પોતાના જ પરીવારમાં વડીલો કે બાપ દાદા પાસેથી પુછવુ જોઈએ. કારણ કે તેઓ જાણે છે કે દેશનુ નિર્માણ કોણે કર્યુ છે.



# ગુજરાતમાં અશાંત વિસ્તાર મિલ્કતો કાયદામાં મહત્વના સુધારા સરકાર લાવી રહી છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કોમી સૌહાર્દ જાળવી રાખવા અને નિર્દિષ્ટ વિસ્તારોમાં મિલ્કતોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકાર ૧૯૯૧ ના અશાંત વિસ્તાર મિલ્કત તબદીલી પ્રતિબંધ કાયદામાં મહત્વના સુધારા કરવા જઈ રહી છે. આ અંગેનુ સુધારા વિધેયક ટુંક સમયમાં વિધાનસભામાં રજુ કરવામાં આવશે. જેનો સત્તાવાર ડ્રાફટ જાહેર કરવામાં આવ્યો છે. વર્તમાન કાયદા હોવા છતાં એવી ફરીયાદો મળી રહી છે કે કેટલીક મિલ્કતો ગેરકાયદે કબ્જે કરવામાં આવી રહી છે. અથવા દબાણ હેઠળ વેચાઈ રહી છે. આ સ્થિતિને નિયંત્રિત કરવા માટે સરકાર હવે કાયદાને વધુ કડક બનાવવા જઈ રહી છે. (૧) અશાંત વિસ્તારોમાં ભાડુઆતોને બળજબરીથી ખાલી કરાવવાથી રક્ષણ આપવામાં વધુ મજબુતી લાવવામાં આવશે (૨) કોમી તંગદીલી અથવા દબાણના કારણે લોકો પોતાના ઘર છોડીને સ્થળાંતર ન કરે, તે માટે નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરવાની સત્તા અને નિયમો ઉમેરવામાં આવ્યા છે (૩) અશાંત વિસ્તારમાં મિલ્કત વેચાણ માટે મંજુરી આપવા પહેલા કલેકટરે ફકત દસ્તાવેજો જ નહી પરંતુ વિસ્તારની કોમી સ્થિતિ અને જાહેર વ્યવસ્થાના ભંગ ની શકયતાઓની ઉંડી તપાસ પણ કરવી પડશે. નવા ડ્રાફટ મુજબ મિલ્કત વેચાણની અરજી પર નિર્ણય લેતી વખતે કલેકટરે આ મુદ્દાઓ પર વિચાર કરવો પડશે, જેમાં (૧) આ વેચાણથી વિસ્તારના વિવિધ સમુદાયો વચ્ચે કોમી તંગદીલી વધવાની શકયતા છે કે નહી ? (૨) વેચાણ થી જાહેર વ્યવસ્થા જોખમમાં આવશે કે નહી ? (૩) વેચનાર પર કોઈ દબાણ તો નથી ? સરકારનો ઉદેશ છે કે અસામાજિક તત્વો દ્વારા મિલ્કતો હડપવાની પ્રવૃત્તિને રોકી અશાંત વિસ્તારોમાં વસ્તીકીય માળખુ જળવાઈ રહે,

